# જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## જૈન તીર્થોની ભવ્ય ગાથા- વ્યાખ્યાન માળા

### વ્યાખ્યાન – ૯ ઉત્તરપ્રદેશના જૈન તીર્થો-૪

**વ્યાખ્યાતા- શ્રી અર્પિતભાઈ શાહ**

**તારીખ – ૧૧/૦૨/ ૨૦૨૩**

આપણને કોઈ કહી દે પુરીમતાલ તીર્થમાં એવી કઈ મોટી વાત છે તો આજે આપણે આ તીર્થ ભૂમિની મહત્તાને સમજવાનો પ્રયાસ કરીશું. આ અવસરપીણી કાલના પ્રથમ તીર્થંકર પરમાત્મા આદિનાથ ની કેવળ જ્ઞાન ભૂમિ છે ,એટલે પરમાત્માનું ત્યાં કેવળ જ્ઞાન થયું છે એટલે આપોઆપ  અવસર પીણી કાળની પ્રથમ ની રચના સમવસરણ ની રચના જે ભૂમિ ઉપર થઈ એ પૂરીમતાલ ને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. સૌથી પ્રથમ જૈન સંઘ જયા સ્થાપિત થયો એ આ તીર્થ છે પ્રથમ ગણધર એવા ઋષભ સેનની  એટલે કે પુંડરિક સ્વામીની જ્યાં દીક્ષા થઈ એ આ તીર્થ છે જ્યાં પ્રથમ દ્વાદશાંગી આગમ ની રચના થઈ એ આ નગર છે અને પ્રથમ મોક્ષગામી માતા મરુ દેવા ને  પ્રભુની સમવસરણની ભવ્યતા ને જોઈને એવા ભાવવિભોર થઈ ગયા કે તેઓ ક્ષપક શ્રેણીમાં મક્ષગામી બની એટલે એવા આ મારુંદેવીમાતાની  આ અવસરપણીના પ્રથમ મોક્ષગામી એવા આ મોક્ષ ભૂમિ પૂરી તાલ નગરી છે એટલે આપણે વિચારી શકીએ છીએ કે આની ઈમ્પોર્ટન્સ કેટલી બધી છે.

પ્રાચીનકાળમાં આ નગરીના ઘણા બધા નામ હતા પ્રયાગ, પુરીમતાલપાડા નામે એક સમયમાં આ અયોધ્યા નગરીનું  પરું  હતું. અકબરના સમયમાં આનું નામ ચેન્જ થયું અલ્લાહબાદ વર્તમાનમાં આદિત્યનાથ યોગી સરકારે આ નું નામ પ્રયાગરાજ ફરી રાખી દીધું. હિન્દુઓ માટે વૈદિક સંસ્કૃતિ માટે આ ખૂબ જ ઈમ્પોર્ટન્ટ તીર્થભૂમિ છે કારણ કે અહીં ત્રણ પવિત્ર નદીઓ

ગંગા યમુના અને સરસ્વતી નો ત્રિવેણી સંગમ અહીં થાય છે. અણીકા પુત્ર આચાર્યની કેવળ જ્ઞાન અને મોક્ષ ભૂમિ છે. પુષ્પચુલ્લા સાધ્વીની આ કેવળ જ્ઞાન ભૂમિ છે. આજ ભૂમિમાં અરણીકા પુત્ર આચાર્યને નૌકા માંથી ફેંકી દેવામાં આવ્યા અને તેઓ સમતામાં રહી કેવળ જ્ઞાન પામી મોક્ષમાં ગયા. એવી આ અદભુત ભૂમિ છે. પ્રભુ મહાવીર સાથે પણ આ તીર્થનો બહુ ઈમ્પોર્ટન્ટ કનેક્શન છે. તેઓ અહીં પધાર્યા હતા ધ્યાન ધ્યાનમાં શકટમુખ ઉદ્યાનમાં રહ્યા હતા. ત્યાં અવસ્થામાં રહ્યા હતા. વગ્ગુરર નામના શ્રાવકે મલ્લીનાથ ભગવાનના દેરાસર ની બહાર પ્રભુ ધ્યાનમાં  ઊભા હતા અને ત્યાં આ શ્રાવકે ભગવાનની પૂજા કરી હતી. એવો આપણને ઉલ્લેખ મળે છે. અમોઘદર્શી ઉદ્યાનમાં ભગવાન મહાવીરનું સમોસરણ રચાયું હતું.  મહાવીર સ્વામી ભગવાનનું આ ભૂમિ સાથે ઘણું કનેક્શન છે.

પ્રાચીન ઉલ્લેખો ઉપર આપણે જઈએ તો વિવિધ તીર્થકલ્પ અનુસાર  84 મહા તીર્થોમાં નોંધ આપણને મળે છે. આચાર્ય શ્રી જીનપ્રભજી વિવિધ તીર્થ કલ્પમાં  લખે છે કે 14 માં સેકામાં અહીં શીતલનાથ ભગવાનનું મંદિર હતું . હંસસોમ વિજયજી એ અહી 15 મી સદીમાં યાત્રા કરી હતી. અહીં ચરણો બિરાજમાન હતા. આ ચરણો એક વડલાના નીચે બિરાજમાન હતા અહીં આદિનાથ ભગવાનની ચરણ પાદુકા બિરાજમાન હતી, જે સ્થળમાં આદિનાથ ભગવાનને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું હતું, એ સ્થળમાં ચરણ પાદુકાઓ બિરાજમાન હતા. અને એમ કહેવાય છે કે લગભગ 16 મી સદીની આસપાસ રાય કલ્યાણ નામના એક શૈવ એ  વખતે આ ચરણોને ઉઠાપીને ત્યાં શિવલિંગની સ્થાપના કરી હતી. તે પછી ઔરંગજેબે   એ શિવલિંગનો નાશ કર્યો હતો. આજના સમયે માનવામાં આવે છે કે જે સ્થળે આ વટવૃક્ષ હતું એ આજે અક્ષય વટ ના નામે પ્રસિદ્ધ છે. એ  પ્રયાગરાજ કિલ્લાના પાતાળ પૂરી મંદિરની અંદર સ્થિત એક પવિત્ર અંજીર નું વૃક્ષ છે એને અક્ષય વટ કહેવામાં આવે છે. પ્રાચીન સમયમાં જેને અક્ષયવટ કહેવામાં આવ્યું હતું. ચાહે હિન્દુ સંસ્કૃતિ હોય કે જૈન સંસ્કૃતિ કે બૌદ્ધ સંસ્કૃતિ હોય આ ત્રણેય સંસ્કૃતિમાં જે અક્ષય વટ ની વાત કરવામાં આવી છે અને અહીં આદિનાથ ભગવાનના કેવળ જ્ઞાન કલ્યાણક નું સ્મરણ કરાવવા ચરણ પાદુકા ની સ્થાપના કરવામાં આવી છે, એ પ્રાચીન નથી પણ એ માત્ર સ્થાપના રૂપ છે. હિન્દુ માન્યતા અનુસાર રામ લક્ષ્મણ અને સીતાએ આ વૃક્ષની

નીચે આરામ કર્યો હોવાનું કહેવાય છે. ચાઈનીઝ યાત્રાળુ ઝુઆન ઝાંગ નું વર્ણન આપણને અહીં મળે છે. આજના સમયે આ જગ્યાની દર્શન કરવા હોય તો કિલ્લાના ઓર્ડરન્સ ડેપોના કમાન્ડર ની પરવાનગી ની જરૂર પડે છે ત્યારબાદ જ આના દર્શન થઈ શકે છે. આ આર્મી નો સેન્સેટિવ એરીયા છે એટલે પરમિશન લીધા પછી જ અહીં દર્શન થાય છે . આ અક્ષય વાત વૃક્ષ છે જેની નીચે આદિનાથ પરમાત્માએ કેવળ જ્ઞાનની પ્રાપ્તિ કરી હતી. જમણી તરફ નવ નિર્મિત ડેરીની અંદર અમુક વર્ષો પહેલા સ્થાપેલા ચરણ પાદુકા ના આપણને દર્શન થાય છે. પાતાળ પુરી મંદિરની અંદર આપણે જઈએ તો અહીં એક એવી માન્યતા છે કે બારે જે વૃક્ષ દેખાય છે એ મૂળ અક્ષય વટ વૃક્ષ નથી. મૂળ અક્ષય વટ વૃક્ષ આ પાતાળ પૂરી મંદિરની અંદર એક રસ્તો છે, જે કિલ્લાની મધ્યમાં છે અને એ ભૂમિની અંદર આ વટવૃક્ષ સ્થિત છે. બ્રિટિશના સમયમાં તેઓની એવી માન્યતા હતી કે લોકલ લોકો અહીં આવીને ઇન્ટરફિયર્સ ન કરે તેની માટે તેઓએ આજે પાતાળ પૂરી મંદિર એ આ મંદિરને બહાર ખસેડી દીધું અને બારે એક નવા વૃક્ષની સ્થાપના પણ કરી દીધી અને તેને લોકો અક્ષય વટ તરીકે પૂજવા માંડ્યા. એટલે આ એક સંવેદનશીલ જગ્યા હતી એટલે સિક્યુરિટી ના હિસાબથી આજે પણ એ આર્મીના કબજા ની અંડર માં જ છે એટલે જેને પરમિશન હોય એ જ અંદર જઈ શકે છે. એટલે આ મંદિરની અંદર આપણે જ્યારે જઈએ છીએ ફોર્ટ છે અને ત્યાં ઓર્ડિનન્સ ડિપો છે એની પરમિશન લઈને અંદર જઈએ છીએ ત્યારે એમાં આપણને આ પ્રાચીન પ્રતિમા ચરણ પાદુકાના દર્શન થાય છે જે આદિનાથ ભગવાનના  બિરાજમાન છે. એના આપણે દર્શન કરી શકીએ છીએ.

હવે શ્વેતાંબર જીનાલય  વાત કરીએ તો એ બાઈકા બાગ નામના વિસ્તારમાં સ્થિત છે. અહીં જિનાલયની સ્થાપના તો વર્ષો પહેલા થઈ ગઈ હતી પણ ત્યાં માત્ર ચરણ પાદુકાઓ જ હતી તીર્થંકર પરમાત્મા ની સ્થાપના નહોતી થઈ, પણ પછીથી અમુક વર્ષો પહેલાં 1978 માં આત્મવલલભ પરંપરા ના આચાર્ય પ્રકાશ ચંદ્ર સુરીશ્વરજી  મહારાજ દ્વારા અહીં પ્રતિષ્ઠા કરવામાં આવી બહુ જ પ્રાચીન આદિનાથ ભગવાનની પ્રતિમા ની અહીં સ્થાપના કરવામાં આવી માન્યતા મુજબ આ સંપ્રતિકાલીન પ્રતિમા છે પણ લગભગ ઇસવી ની નવમી સદીની પ્રતિમા ખૂબ જ સુંદર એવી આદિનાથ ભગવાનની પ્રતિમા ની સ્થાપના કરવામાં આવી છે.

અહીં  મૂળ ગભારા ની અંદર મહાવીર સ્વામી ભગવાન અને  આદિનાથ દેવની પ્રતિમા સાથે વિમલનાથ ભગવાન પાર્શ્વનાથ ભગવાન અને ઋષભદેવ પરમાત્માની પ્રતિમાઓના દર્શન કરી શકીએ છીએ. અહીં અચલગચ્છ અને ખરતરગછના ગુરુ મહારાજની ચરણ પાદુકાઓ પણ બિરાજમાન છે.

દિગંબર જિનાલય ની વાત કરીએ તો દિગંબર માન્યતા અનુસાર અહીં આદિનાથ ભગવાનનું કેવળ જ્ઞાન માત્ર નહોતું થયું પણ આ એમની દીક્ષા સ્થળ પણ રહી ચૂકી છે. એક છે તપસ્થળી તીર્થ અને બીજું છે જ્ઞાન તીર્થ જ્યાં આદિનાથ ભગવાનને કેવળ જ્ઞાન ઉત્પન થયું હતું. એવી આ બે અલગ અલગ ભૂમિઓ છે. એની આપણે યાત્રા કરીશું. સૌથી પહેલા તપસ્થળી જે તીર્થ છે અલ્હાબાદ બનારસ હાઇવે અન્ડાવા મધ્યે  આવેલું છે અને અંદર ગામમાં ચાહચંદ ઝીરો રોડ મધ્યે આ તીર્થ છે. આ તીર્થ નું નિર્માણ હમણાં હાલમાં જ થયું છે. જ્ઞાન સ્થલી તીર્થ જૂનું છે. તો તપસ્થળી મંદિરમાં આપણે જોઈએ તો પરમાત્મા આદિનાથ ભગવાન કૈલાશ પર્વત ઉપર બિરાજમાન છે એવી એની મનોરમ રચના છે. અંદરના ભાગમાં એક વટ વૃક્ષ નીચે દીક્ષા ની મુદ્રામાં શ્રી આદિનાથ ભગવાનની પાંચ ફૂટ ઊંચી કાયોત્સર્ગની પ્રતિમા બિરાજમાન છે. ગણીની પ્રમુખ આલિકા શ્રી જ્ઞાનમતીજી માતાજીની પ્રેરણાથી 2001માં આ પ્રતિમાનું નિર્માણ થવા પામ્યું છે. આની અંદર દીક્ષા તપોવન સમવસરણ રચના ગુફા મંદિર કીર્તિસ્થંભ ત્રિકાલ ચોબીસી આદિની રચના કરવામાં આવી છે. એક અદભુત માન્યતા છે કે અહીં નાના નાના છોકરાઓનું મુંડન કરવામાં આવે છે એવી માન્યતા છે કે અહિ મુંડન કરવાથી એમના જ્ઞાનનો બહુ સારો વિકાસ થાય છે. એટલે દિગંબર માતા-પિતાઓ અહીં એમના બાળકોને લઈ આવી અને એમનું મુંડન કરાવે છે. જમણી બાજુ અહીં પાંચ ફૂટના આદિનાથ ભગવાનની કાયોત્સર્ગમાં પ્રતિમા છે. કીર્તિસ્થંભ ની રચના ના અહીં દર્શન થાય છે.

જ્ઞાન સ્થલી મંદિરની વાત કરીએ તો આ મંદિર પંચાયતી મંદિરજીના નામે પ્રખ્યાત છે અક્ષય વટની ભૂમિ  છે ત્યાંથી પ્રાપ્ત થયેલી લગભગ 9મી થી 10 મી સદીની ત્રીસ પ્રાચીન પ્રતિમાઓ છે જે પ્રાપ્ત થઈ હતી આ જીનાલયમાં છે. આ પરિસરમાં ચાર મોટા મંદિરો અને ચાર નાના

મંદિરો લગભગ 150 થી 400 વર્ષ પ્રાચીન છે અને અનેક પ્રાચીન ધાતુ મૂર્તિઓનો સંગ્રહ અહીં આપણને મળે છે. પ્રથમ આદિનાથ ભગવાનની શામવરણીય પ્રતિમા ના દર્શન કરીએ. જમણી તરફ નવમી થી ૧૪મી સદીની પ્રાચીન પ્રત્યેના પ્રતિમાઓના આપણને દર્શન થાય છે. અહીં અલગ અલગ પ્રકારની પંચતિથી અને ચોવીસી પ્રતિમાઓ સંગ્રહિત કરીને રાખવામાં આવી છે. ધાતુની અદભુત પ્રતિમાઓ લગભગ 13 મી સદીની જૂની પ્રાચીન પ્રતિમાઓ સંગ્રહિત કરવામાં આવી છે. શ્વેતાંબર અને દિગંબર  જીનાલયમાં તો લગભગ જતા હોઈએ છીએ પણ એક એવી જગ્યા કે જ્યા આપણે નથી જતા એ આપણા મ્યુઝિયમ છે જે આપણા હેરિટેજને સંભાળે છે આજના આ સેશનમાં આપણે અલહાબાદ મ્યુઝીયમ પણ વાત કરીએ તો અહીં અઢળક અસંખ્ય જેટલા જૈન પૂરા તત્વના અવશેષો સંગ્રહિત થયેલા છે. એવું આ એક અદભુત મ્યુઝિયમ છે.આપણે ત્યાં એક એવો વર્ગ છે જે ખંડિત પ્રતિમાને દર્શનીય માનતો નથી એને પધરાવી દેવામાં માને છે. આમાં આ મ્યુઝીયમમાં આ બધી પ્રતિમાઓને સંગ્રહિત કરવામાં આવી છે. અહીં લગભગ બધી જ પ્રતિમાઓ ડિસ્પ્લેમાં રાખી શકાય એમ  નથી તેથી  અમુક જ પ્રતિમાઓને ડિસ્પ્લેમાં રાખવામાં આવેલ છે કારણ કે અહીં જૈન લોકો દર્શન કરવા જતા નથી. સૌથી પહેલા અહીં અલ્હાબાદ પાસે ભીતા નામની જગ્યા છે. ત્યાંની 10મી શતાબ્દીની તીર્થંકર પરમાત્માની મૂર્તિ આપણને કાયોત્સર્ગમુદ્રામાં મળે છે માંથી આપણને પાંચમી થી લઈને 10 મી સદી સુધીની ખૂબ જ પ્રાચીન પ્રતિમાઓ આપણને પ્રાપ્ત થાય છે અહીં પ્રાચીન પ્રતિમાઓ અને એના અવશેષો આપણને પ્રાપ્ત થાય છે અલ્હાબાદ નજીક કારા, પભોષા આ બધા જ સ્થળોએ થી પ્રાચીન પ્રતિમાં પ્રાપ્ત થઈ છે.

કૌશાંબીતીર્થ માંથી પણ આપણને જે પ્રતિમાઓ મળી છે ખંડિત પ્રતિમા એ પણ આ મ્યુઝીયમમાં સંગ્રહિત છે. ગુપ્તકાલીન પ્રતિમાઓ એટલે કે લગભગ છઠ્ઠી સદીની પ્રતિમાઓ ચંદ્રપ્રભ,શાંતિનાથ અને 11 મી સદીની સર્વતો ભદ્રની ચતુર્મુખી પ્રતિમા ના દર્શન થાય છે. આપણને  ત્રીજી  શતાબ્દીનું પણ એક મુખારવિંદ પ્રાપ્ત થાય છે પરિકર સાથે. 10 મી શતાબ્દીના તીર્થંકરોના પટ્ટ આપણને કોસંબીથી પ્રાપ્ત થાય છે. મથુરાના કંકાલીટીલા માંથી બીજી શતાબ્દી લઈને ચોથી  શતાબ્દી સુધીની ઘણી પ્રાચીન પ્રતિમાઓ આપણને પ્રાપ્ત થાય

છે રાખવામાં આવે છે એટલે કેટલા પ્રાચીન પ્રાચીન અવશેષો સંગ્રહિત કરીને રાખવામાં આવ્યા છે એ આપણે સમજી શકીએ છીએ.આગરા થી નવમી અને દસમી સદીના જે અવશેષો છે તે પણ અહીં છે.મધ્યપ્રદેશની અલગ અલગ ભૂમિઓ સતના ખજુરાહો અહીંથી પણ જે પ્રતિમાઓ પ્રાપ્ત થઈ .છે તેના અવશેષો ના પણ અહીં દર્શન થાય છે જટાધારી ઋષભદેવ પરમાત્માની પ્રતિમા ના દર્શન થાય છે. તીર્થંકરોના  માતા-પિતા સાથે ના પટ્ટો સાથેના દર્શન થાય છે. એ અહીં આપણે જોઈ શકીએ છીએ એ પ્રતિમા માં કુલ કરોના પણ દર્શન થાય છે આદિનાથ પરમાત્મા સાથે એમના માતા-પિતા એમના કુલ કરો અંબિકાદેવી ની 11 મી સદીની ભવ્યથી ભવ્ય પ્રતિમા આપણને સહપરિ કરી યુક્ત ઉપરના નેમીનાથ ભગવાન બિરાજમાન છે એ આપણને મળે છે. 11મી સદીના અરિષ્ટનેમી પ્રભુની પ્રતિમા એ મધ્યપ્રદેશના કોઈ ગ્રામથી પ્રાપ્ત થઈ છે. જાસુ નામના ગામથી આપણને ૧૨મી સદીની આદિનાથ ભગવાનની પ્રતિમા મળે છે. 11 મી સદીમાં ખજૂરાહોમાંથી  બે શિલ્પો અહીં સમૃદ્ધ થયેલા મળે છે. ગુરગી નામના ગામમાંથી આપણને અનેક અનેક અવશેષો પ્રાપ્ત થયા છે. મહાવીર સ્વામીની 12મીની પ્રતિમા અરિષ્ટનેમીની 11 મી સદીની પ્રતિમા અને આદિનાથ ભગવાનની બારમી શતાબ્દીની પ્રતિમા આપણને અહીં પ્રાપ્ત થઈ છે. અરિષ્ઠનેમી પાર્શ્વનાથ ભગવાનની સર્વતોભદ્રમાં જૈન દેવી ની પ્રતિમા અહીં સંગ્રહિત થયેલી છે. તો આપણે વિચારી શકીએ કે જગ્યા કેટલી મહત્વની છે આ તો થોડીક જ પ્રતિમાઓ બતાવી છે. એથી ઘણી બધી પ્રતિમાઓ ડિસ્પ્લેમાં રાખવામાં નથી આવી કારણ કે આપણા જૈનો અમુક વર્ગમાં એવી માન્યતા છે કે નગ્નમૂર્તિઓના દર્શન કરવા નહીં એટલે આપણા જ કોઈ જૈન  ત્યાં કને જતા જ નથી એ આ નગ્ન મૂર્તિઓને કોઈ પૂજનીય માનતું જ નથી એના કારણે આ બધી જ પ્રતિમાઓની અવમાનના થઈ રહી છે. એટલે સૌને વિનંતી છે કે જ્યારે પણ જાઓ ત્યારે અલ્હાબાદ મ્યુઝિયમની ચોક્કસ મુલાકાત લો. આ મ્યુઝિયમ માં પ્રાચીન તાડપત્રો શિલ્પો વગેરે એટલા બધા સંગ્રહિત છે.

વારાણસી તીર્થનું નામ લેતા અને પાશ્વનાથ ભગવાનની યાદ આવી જાય એવી આ અદભુત ભૂમિ છે. 8 કલ્યાણકોથી ભરેલી છે એ તીર્થની આપણે યાત્રા કરીએ. આ તીર્થ કાશી બનારસ

અને વારાણસીના નામે પ્રખ્યાત છે. વરણા અને અસી નામની બે નદીઓના સંગમની સ્મૃતિથી આ નામ પડ્યું છે .વૈદિક માન્યતા અનુસાર આ વિશ્વની એકદમ પ્રાચીન નગરી છે ચીન કાળથી આ નગરીનું ખૂબ જ ધાર્મિક મહત્વ રહેલું છે ચાહે જૈન સંસ્કૃતિ હોય કે વૈદિક હોય ભારતની બધી જ વિદ્યાઓનું આ કેન્દ્ર છે .આ કાશી બનારસ તથા વારાણસી અદભુત નગરી છે. પ્રજ્ઞાપના સૂત્ર અનુસાર કાશી જનપદની રાજધાની હતી. 52 જનપદ માનુ એક કાશી જનપદની રાજધાની હતી. પ્રાચીન કાળમાં શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની જે જન્મ કલ્યાણ જન્મ દીક્ષા કેવલય ભૂમિ રહી ચૂકી છે. ઈસવીસન પૂર્વે નવમી શતાબ્દીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનો ભેલુ પુરમાં જન્મ દીક્ષા ની કૈવલ્ય ભૂમિ રહેલ છે. જે ભીલપુર વારાણસીમાં સ્થિત છે. મહાવીર સ્વામીની આ વિચરણભૂમિ રહી ચૂકી છે ગૌતમ બુદદ્ધે આ પ્રદેશમાં નિર્ગ્રંથ ધર્મનો અંગીકાર કરેલ હતો. શોરી પુત્ર જે એમના ઈમ્પોર્ટન્ટ  સાધુ હતા એમણે કહ્યું હતું કે એ બૌદ્ધ મત ચલાવતા હતા એ પહેલા એમને નિર્ગ્રંથ દીક્ષા લીધી હતી. એમણે પાર્શ્વનાથ ભગવાનની પરંપરામાં એમને પાર્શ્વપત્તે પણ કહેવામાં આવે છે. એમણે  પિતાશ્રમ નામના મુનિ  પાસે દીક્ષા લીધી હતી પછી એમના આચારનું પાલન પણ કરતા હતા. તેઓ લખે છે  હું પણ નિર્ગ્રંથોની જેમ નગ્ન રહેતો હતો, નિર્ગ્રંથોની જેમ દાઢી મુછ  નો લોચ કરતો હતો એવી અથાગ તપસ્યા કરતો હતો એ વાત એમણે મચીનીકાય ગ્રંથમાં લખી છે. એ વાતનું સાક્ષાત પુરાવો છે કે તેઓ વારાણસી નગરીમાં જૈન દીક્ષા નો અંગીકાર કર્યો હતો. વિવિધ કલ્પમાં એનો આપણને વિસ્તૃત ઉલ્લેખ મળે છે. જૈન ગ્રંથોમાં તેમને પાર્શ્વપત્યના નામે ઓળખાવ્યા છે.

જ્યારે આચાર્ય જીનપ્રભ સુરીશ્વરજી મહારાજ  14 મી સદીમાં અહીં આવ્યા ત્યારે આ નગરીના ચાર ભાગ હતા. વારાણસી કે જ્યાં વિશ્વનાથનું પ્રાચીન મંદિર હતું જેને આજે કાશી વિશ્વનાથ ના નામે ઓળખવામાં આવે છે અને એ મંદિરમાં શ્રી ચંદ્રપ્રભ સ્વામીની મૂર્તિ બિરાજમાન હોવાનો ઉલ્લેખ આપણને મળે છે. બીજો ભાગ રાજધાની વારાણસી અહીં યવન મુસલમાન લોકોનો અધિક વસવાસ છે. ત્રીજો ભાગ મદન વારાણસી જે વર્તમાનમાં મદનપુરા તરીકે ઓળખાય છે અને ચોથો ભાગ વિજય વારાણસી ભેલુપુર શ્રી પાર્શ્વનાથ ભગવાનનું જૈન મંદિર જ આવેલું છે. એ આ નગરી ચાર ભાગોમાં વહેંચાયેલી હતી.

આગળ આપણે જઈએ તો કુંવરપાલ સોનપાલ લોઢા જે આગરા થી સંઘ લઈને આવ્યા હતા અને સમેંત શિખર જઈ રહ્યા હતા. વચ્ચે આવતા બધા જ તીર્થોની એમણે યાત્રા કરી હતી. અને ગામો ગામ એમને ખૂબ જ  અંજન સલાકા પ્રતિષ્ઠાઓ આદિ કરી હતી અને એમ કરતા તેઓ આગળ પહોંચ્યા હતા. તેઓ વારાણસી નગરીમાં પધારે છે ત્યારે તેઓ ઉલ્લેખ કરે છે કે અહીં કાશી વિશ્વનાથના મંદિર પાસે ઋષભદેવ નેમિનાથ પાશ્વનાથ આદિ પાંચ પ્રતિમાનું તેમણે પૂજન કર્યું હતું. આજના દિવસે આપણે યાદ રાખીએ તો કાશી વિશ્વનાથના મંદિર પાસે આપણા કોઈ અવશેષ નથી. પણ તે સમયમાં  1613  સદીમાં આવી પ્રતિમાઓ ત્યાં બિરાજમાન હતી તેનો આપણને ઉલ્લેખ મળે છે. અન્નપૂર્ણા મંદિર જે કાશી વિશ્વનાથ મંદિરની નજીકમાં છે. ત્યાં પાર્શ્વનાથ  ભગવાનની ચરણ પાદુકાઓ બિરાજમાન હતી. અને રક્તવરણી ચતુર્મુખ પ્રતિમાઓ એમાં ઋષભદેવ પાર્શ્વનાથ  ચંદ્રપ્રભ તથા મહાવીર સ્વામીની પ્રતિમાઓને કુસમાંજલી અર્પણ કરવામાં આવી હતી. ભદૈની ઘાટમાં  એમણે સુપાશ્વનાથ પ્રભુની પ્રતિમાનું પૂજન કર્યું હતું અને બ્રાહ્મણો અને ગરીબોમાં દાન કર્યું હતું  એવો ઉલ્લેખ આપણને પ્રાપ્ત થાય છે. 17 મા સૈકામાં એક જૈન કવિએ કહ્યું કે કે એ સમયમાં ત્યાં ભાટ લોકો રહેતા હતા અને આજે ત્યાં ભેલપુર તીર્થ છે. ત્યાં એક વડની નીચે પ્રભુ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા સ્થાપન કરી અને જૈન  યાત્રીઓ તેની પૂજા કરતા હતા આપણને પુરાવા પ્રાપ્ત થાય છે.

પુરાતત્વિક દ્રષ્ટિએ જોઈએ તો 2018 માં જ્યારે આ કાશી વિશ્વનાથનો કોરીડોર  બની રહ્યો હતો ત્યારે બધાજ ન્યુઝ રિપોર્ટર  એના અગેન્સ્ટ થતા કે આ પ્રાચીન ભૂમિમાં આવો કોરિડોર ન બનવું જોઈએ કારણ કે ઘણી બધી ઘણી બધી પ્રાચીન ધરોહર મંદિરો ધ્વશ બંધ કરીને આ કોરિડર બની રહ્યો હતો ત્યારે એનડીટીવી એક અહેવાલમાં દેખાડ્યું હતું કે ગામની જે નગરીઓ છે એની ગલીઓમાં તીર્થંકર પરમાત્માની પ્રતિમા ઘરની બહાર દિવાલ પાસે આ પ્રતિમાઓ સ્થાપિત થતી. લલીતા ઘાટ નજીક એક ગલીમાં સંકટમોચન મંદિર પાસે દિવાલ પર જૈન પ્રાચીન મૂર્તિઓ હતી. ભદૈની ની ઘાટમાં પણ એક  નંદરવિ વીર બાબા નામનું એક મંદિર છે એમાં પણ પ્રાચીન મૂર્તિઓ ની વૈદિક સંસ્કૃતિ અનુસાર પૂજા કરવામાં આવે છે. વારાણસીમાં રાજઘાટ અને અન્ય સ્થળોએ પ્રાચીન જૈન મૂર્તિઓ આપણને પ્રાપ્ત થાય છે એને લખનઉ

મ્યુઝિયમમાં મોકલી દેવામાં આવી છે. બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય અને ભારત કલાભવનના મ્યુઝિયમમાં સંગ્રહિત કરીને રાખવામાં આવી છે. આ જે  પ્રાચીન પ્રતિમાઓ જે ઉત્ખનનથી આપણને પ્રાપ્ત થઈ છે એના આપણે અહીં દર્શન કરી શકીએ છીએ. આ પ્રતિમાઓ નવમી થી 11મી સદીની વચ્ચેની પ્રતિમાઓ છે. અહીં ખાસ કરીને પાર્શ્વનાથ  ભગવાનની પ્રતિમા ના દર્શન કરી શકીએ છીએ. વારાણસી તીર્થની અંદરમાં સાત શ્વેતાંબર અને નવ દિગંબર જિનાલય આવેલા છે. એક સ્થાનકવાસી ઉપાશ્રય અને તેરાપંથ ભવન છે. અમુક વિસ્તારની અંદરમાં જ બધા દેરાસર છે. ભદૈની,ભેલુપુર  રામગઢ આ મુખ્ય સ્થળો છે જ્યાં આવા તીર્થો સ્થિર છે.

પ્રથમ આપણે ભેલુપુર તીર્થ યાત્રાનું પ્રારંભ કરીએ તો પાર્શ્વનાથ  ભગવાનના ચાર કલ્યાણકો અહીં થયા છે. એક જ  પરીસરની અંદર પહેલા એક જ પરિસર ની અંદર પહેલા દિગંબર અને શ્વેતાંબર જીનાલયો હતા અને બે બંનેનું એક કોમન દેરાસર હતું એના બહુ ઈવાદો હતા વિવાદના કારણે કોર્ટમાં કેસ હતો અને એ ઘણા વર્ષો સુધી ચાલ્યો એની કોઈ સુલા ન થતા 1985 માં ડોક્ટર સાગરમલજી જૈન ની એક મધ્યસ્થતાથી ખૂબ ઈમ્પોર્ટન્ટ ઉકેલ કર્યો કે આ જમીનનો વિભાજન થયું બે ભાગમાં આ બંને દેરાસરો એક જ પરિસરમાં બાજુ બાજુમાં છે. જે અહીં આપણે જોઈ શકીએ છીએ ડાબી તરફના શ્વેતાંબર જિનાલય છે જ્યારે જમણી તરફ દિગંબર જીનાલય છે. બન્ને ને  પોતાની સ્વતંત્ર ધર્મશાળાઓ છે.

આપણે વાત કરીએ તો આચાર્યશ્રી રાજ્ય સુરેશ્વરજી  મહારાજની પ્રેરણાથી ગુલાબી પથ્થરમાંથી નુતનજીનાલય મારું ગુર્જર શૈલી માં આ જિનાલય નું નિર્માણ થવા પામ્યું છે. ઈસવીસન 2000 માં મૂળ નાયક પાર્શ્વનાથ  ભગવાનની પ્રતિમા માં જૂની નવી વગેરે પ્રતિમાની પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. બાજુ ઘણા બધા જીનાલયો હતા બનારસમાં કે જ્યાં લોકોની અવર-જવર એકદમ ઓછી થઈ ગઈ હતી તે જિનાલયમાંથી ઉત્થાપન કરી આ જિનાલય ની અંદર સ્થાપન કરવામાં આવ્યું અને એક નવું કલ્યાણક મંદિર પણ બનાવ્યું જેની અંદર ચાર સુંદર ડેરી બનાવી અને એ ચારે કલ્યાણકોની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી

અને નયા ઘાટ નામની એક જગ્યા હતી ત્યાં પણ એક શ્વેતાંબર મંદિર હતું ત્યાં કોઈ આવતું જતું નથી એટલે ત્યાંની પ્રતિમા પણ અહીં લાવવામાં આવી. મંદિરની ડાબી બાજુએ ભવ્ય ખરતર ગચ્છ દાદાવાળી છે. અહીં પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાના આપણે દર્શન કરીએ. બીજી આશ્ચર્યની વાત એ છે કે જે મૂળનાયક પ્રતિમાની હોય છે એને આપણે દેરાસરની બહાર સ્થાપિત કરીએ છીએ અને નવી પ્રતિમાને અંદર સ્થાપિત કરીએ છીએ મૂળ નાયક રૂપે આ પાર્શ્વનાથ  ભગવાનની અતિ પ્રાચીન એવી પાલકાલીન એટલે કે નવમી થી 10 મી સદીની વચ્ચેની પ્રાચીન પાર્શ્વનાથ  ભગવાનની પ્રતિમા જેને વારાણસી પાશ્વનાથ ના નામે ઓળખવામાં આવે છે. જેનું નામ 108 પાર્શ્વનાથ  ભગવાન નામાવલી માં સમાવેશ થાય છે એવા અદભુત પ્રાચીન અને અતિ મનમોહક ભગવાનના આપણે અહીં દર્શન કરીએ. અહીં કોઈ જાય એટલે એને કહેવામાં આવે કે આ 2700 વર્ષ પ્રાચીન પ્રતિમા છે પણ એવું નથી આ પાલકાલીન પ્રતિમા છે નવમી દશમી સદીની પ્રાચીન પ્રતિમા છે.

અહી આપણે જોઈ શકીએ છીએ નવી પ્રતિમા વચ્ચે ગભારામાં  પ્રતિષ્ઠિત છે અને અન્ય પ્રતિમાઓ પણ બિરાજમાન છે. રંગ મંડપમાં ગભારાની બાજુમાં જઈએ તો બંને તરફ પ્રાચીન પ્રતિમાઓ છે. એમાં એક છે ભેલુપુર પાશ્વનાથ તીર્થની જે અહીંના પૂર્વ મૂળનાયક હતા એના આપણે દર્શન કરીશું.ડાબી તરફના ફોટામાં વચ્ચે જે ભગવાન છે એ અહીંના પહેલા જુના મૂળનાયક હતા. તે ગભા રાની ડાબી તરફ બીજ રાજમંદ છે સાથે મહાવીર સ્વામી ભગવાન શાંતિનાથ ભગવાન આદિનાથ ભગવાન નેમીનાથ ભગવાન સુબાહુ સ્વામી આ બધાની પ્રાચીન પ્રતિમાઓ અહીં બિરાજમાન છે.  સૌથી ઇમ્પોર્ટન્ટ સ્થળ જે પાર્શ્વનાથ ભગવાનની જન્મભૂમિ મનાય છે. એમાં તેમની પ્રાચીન ચરણ પાદુકા સ્થાપિત કરવામાં આવી છે એને આપણે દર્શન કરીએ .સુપાશ્વનાથની ફણાયુક્ત પ્રતિમાની સ્થાપના કુમારપાળ લોઢાના સંઘ દ્વારા કરવામાં આવી જમણી તરફ એમનો ફોટો જોઈ શકાય છે ડાબી તરફ અન્ય બે ભગવાન પણ છે વાસુ પૂજ્ય સ્વામી અને કુંથુનાથ ભગવાન જમણી તરફ એમનો સિંગલ ફોટો રાખવામાં આવ્યો છે કે 1613 માં આ  સુપર્શ્વનાથ ભગવાનની પ્રતિમાની અહીં સ્થાપના કરવામાં આવી હતી. અન્ય પણ  અલગ અલગ પ્રાચીન પ્રતિમાઓના દર્શન આપણને અહીં થાય છે.

દેરાસરની ડાબી તરફના એક દાદાવાળી ની સ્થાપના કરવામાં આવી છે એમાં ખરતરગચ્છિય દાદા ગુરુના પ્રતિમાઓ બિરાજમાન છે .

હવે આપણે દિગંબર તીર્થની વાત કરીએ તો અહીં પણ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાની 1825 માં સ્થાપના કરવામાં આવી. આ જીનાલયમાં ગુપ્તકાલીનથી લઈને 15મી સદી સુધી એટલે છઠ્ઠી સદી થી લઈને 15મી સદી સુધી ની પ્રાચીન પ્રતિમાઓ અહીં સ્થાપિત કરવામાં આવી છે. આ જ્યારે જીનાલયનું જ્યારે ઉત્ખનન જીર્ણોદ્ધાર ચાલતું હતું ત્યારે ત્યારે અનેક પ્રાચીન પ્રતિમા પ્રાપ્ત થઈ હતી. જેનો અહીં સમાવેશ કરવામાં આવ્યો છે. અહીં દર્શન કરીએ છીએ તેવા અતિ ભવ્ય પાશ્વનાથ ની શામવરણીય પ્રતિમા એની નીચે ખૂબ જ સરસ પાંચની ઇંચ નાની પાર્શ્વનાથ  ભગવાનની પ્રતિમાના દર્શન કરી શકીએ છીએ. અહીં ઘણી પ્રાચીન ગુપ્તકાલીન પ્રતિમા પ્રતિમાઓનો સંગ્રહ છે.ઉત્ખનન વખતે જે પ્રાચીન પ્રતિમાઓ પ્રાપ્ત થઈ છે એમ પણ અહીં દર્શન રૂપે રાખવામાં આવી છે, ખંડિત અવસ્થામાં છે પ્રતિમાઓ અને ખૂબ જ પ્રાચીન કે જે આઠમી નવમી શતાબ્દીની છે.

ભદેનીતીર્થની  વાત કરીએ તો ભદેનીતીર્થમાં પ્રાચીન ગલીઓમાંથી પસાર થઈને જવું પડે છે આ પણ એક અદભુત લહાવો છે. વચ્છરાજ ઘાટ તથા જૈન ઘાટ ના નામે આ પ્રસિદ્ધ છે એમાં બે ઘાટ છે વછરાજ ઉપર શ્વેતાંબર જીનાલય છે અને જૈન ઘાટની ઉપર દિગંબર જિનાલય છે એને આપણે દર્શન કરીએ .આ ફોટો 1905 નો છે આ બ્લેક એન્ડ વાઈટ જમાનામાં પણ ખૂબ જ સુંદર લાગતો હતો. આજે અહી  બહુ ઘોઘાટ છે આજે તો ઘણી બધી બિલ્ડીંગો નું કન્સ્ટ્રક્શન છે. ત્યાંનો અગર આપણે ફોટો જોઈએ તો આ સરસ મજાનું સ્થળ હતું જ્યાં દિગંબર અને શ્વેતાંબર બંને જિનાલ્યો બાજુમાં હતા. ભદેનીતીર્થના  આપણે અહીં દર્શન કરી શકીએ છીએ. ભદેનીતીર્થ તીર્થ ગંગા ના ઘાટ ઉપર  નયન રમ્ય વાતાવરણ વચ્ચે શુપાર્શ્વનાથ ભગવાનની જીવન જન્મ દીક્ષા અને કૈવલ્ય ભૂમિ રહી છે . વચ્છરાજ નામના રાજાએ આ જિનાલયનો  જીર્ણોદ્ધાર કર્યો હતો એટલે આનું નામ વચ્છરાજ ઘાટ છે. અને સૂર્યોદય થતા આનું જે સ્થાપત્ય છે આર્કિટેક્ચર જે છે. એ સરસ રીતે બનાવવામાં આવ્યું છે કે સૂર્યોદય થતા

જ સૂર્યના જે પહેલા કિરણ છે એ ભગવાનના મુખારવિંદ પર પડે છે એટલે સવારના પોરમાં ખાસ કરીને જે ક્યારે પણ આપણે બનારસ જઈએ કે આપણે ટ્રાય કરવાનું કે સવારના પોરમાં જ્યારે સૂર્યોદય થવાનો હોય 10 મિનિટ પહેલા તેમ પહોંચી જઈએ અને સૂર્યના પહેલા કિરણો પરમાત્માના મુખારવિંદ પર પહોંચશે એવું સરસ મજાનું સ્થાપત્ય કરવામાં આવ્યું છે. આ જીનાલયની અંદર એક પ્રાચીન ડેરીનું અવશેષ સંગ્રહ કરીને રાખવામાં આવ્યું છે. એક માત્ર કલ્પના કરી શકીએ છીએ કે એક સવાર હજી સૂર્ય આવી રહ્યો છે અને ત્યાં જ પરમાત્મા અભિષેક ચાલી રહ્યો છે તો કેવું આ અદભુત દ્રશ્ય હશે એની આપણે વિચારણા કરી શકીએ. અહીંનું સ્થાપત્ય આપણે ફોટામાં જોઈ શકીએ છીએ એક એમ બહુ સિમ્પલ છે પણ એક મુગલકાલીન કહી શકાય એવી છટા જોવા મળે છે 768 માં તપાગચ્છના આચાર્ય દ્વારા અહીં ચરણ પાદુકાની સ્થાપના કરવામાં આવી હતી અને 18મી સદીમાં ખડતર ગચ્છ ના યતિવર્ય શ્રી કુલચંદ્ર સુધી મહારાજા દ્વારા મૂળનાયક સુપાર્શ્વનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમાની પ્રતિષ્ઠા એ કરવામાં આવી છે મને ત્યાં મુજબ માન્યતા મુજબ આ પ્રતિમા સંપ્રતિકાલીન છે એટલે પ્રાચીન નથી આ પ્રતિમા લગભગ 9મી 10 મી સદીની છે. મુળનાયક ભગવાનની વેદીઓ સાથે અન્ય બે વેદીઓ પણ છે. એ સાથે ખતર ગચ્છના દાદાગુરુ દેવના ચરણ પાદુકાઓ પણ સ્થાપિત છે અને સાડા ત્રણસો વર્ષ પૂર્વે જ્યારે આચાર્ય શ્રી યશોવિજયજી મહારાજ અહીં આવ્યા હતા ત્યારે અહીંના જ એક કક્ષમાં નીચે સરસ્વતી દેવીની સાધના કરી હતી. એવી આ એક એક બહુ ઈમ્પોર્ટન્ટ વાત કહી શકાય કે એક સાધના ભૂમિ પણ આ રહી ચૂકી છે એ કલ્યાણ ભૂમિ તો છે જ પણ સાથે સાથે યશો વિજય સુરીશ્વરજી મહારાજ ની અહીં આ સાધના ભૂમિ પણ રહી ચૂકી છે. મૂળ નાયક ભગવાનની વેદીની સાથે 18 મી સદીની એક પ્રાચીન પ્રતિમા પણ છે સાથે સાથે એક નાનકડું શિલ્પ પણ છે કે શિલ્પ સાથે એ સમયની અંદર જે પ્રાચીન જીનાલય સ્થિત હતું એને એક નાનકડા અવશેષ રૂપે સાચવવામાં આવ્યું છે અને જમણી તરફ આપણે જોઈ શકીએ છીએ કે મુનિસુવ્રત  ભગવાન સ્વામીની જૂની શ્યામ વરણીય  પ્રાચીન પ્રતિમા છે અને એક મોટા સાઈઝનું પરિકરજે  મળ્યું હશે એની અંદર જ આ નાનકડી પ્રતિમા ની સ્થાપના કરવામાં આવી છે.

શ્વેતાંબર જિનાલયથી  આગળ વધતા આપણે દિગંબર જિનાલયની વાત કરીએ તો 1855 માં આ તીર્થની સ્થાપના કરવામાં આવી છે અને આ બંને તીર્થો બાજુ બાજુમાં છે. આની અંદર અનેક પ્રાચીન જિન બિંબ  બિરાજમાન કરવામાં આવ્યા છે. પાશ્વનાથ ભગવાનની 15 ઇંચ ઉંચી શ્વેતપાષણ માં પ્રતિમા બિરાજમાન છે. જુના ચરણ પાદુકા સ્થિત હતા  નદીમાં સમાઈ ગયા હતા નદીનું લેવલ ઊંચું થઈ ગયું હતું એમ કહેવામાં આવે છે કે પૂર્વકાળમાં આજે ચ્યવન કલ્યાણકની એ જગ્યા  એ એવી જગ્યામાં સ્થિર થતી ત્યા વારે ઘડી પૂર આવી જતું અને લોકો પાણીની અંદર જઈને આરાધના કરવા જતા હતા. પણ આજે એ પણ પાદુકા આખે આખી નદીમાં સમાઈ ગઈ છે એટલે એની પ્રતિકૃતિ રૂપ અહીં એક નવી ચરણ પાદુકાની સ્થાપના કરવામાં આવી છે. અહીંયા આપણે જોઈ શકીએ છીએ કે ડાબી તરફ પેલો ફોટો છે એમાં શું પાશ્વનાથ ભગવાનનું પ્રતિમા બિરાજમાન છે વચ્ચે એક અહીંના અવશેષોમાંથી એક પ્રતિમા સંગ્રહિત કરીને રાખવામાં આવી છે જમણી તરફ સર્વતો ભદ્ર પ્રતિમા છે, જેને આપણે દર્શન કરી શકીએ છીએ. ડાબી તરફથી પાદુકા છે એ જન્મ કલ્યાણક નું સૂચન કરે છે અને જમણી તરફ છે એ પરમાત્માના કેવળ જ્ઞાનની  સૂચક છે.

ખૂબ જ ઈમ્પોર્ટન્ટ કહી શકાય એવું ઐતિહાસિક સ્થળ છે રામઘાટ. એ ગંગા ના કિનારે સ્થિત છે પણ આ જ ભૂમિ ઉપર એવી માન્યતા છે કે કમઠને પાર્શ્વ કુમારે દીક્ષા લીધા પહેલા ના સમયમાં પાર્શ્વનાથ ભગવાને કમઠને પ્રતિબોધ કર્યો હતો. તેઓ તાપસ હતા અને તાપસ યજ્ઞકાંડ કરતા હતા ત્યાં જ એમને રોકીને એમની અગ્નિમાંથી ધરણેન્દ્ર દેવ ને પ્રગટ કર્યા એવી આ અદભુત ભૂમિ છે. તો કમઠ પ્રતિબોધ ભૂમિની એક સમયમાં ખૂબ જ જાહોજલાલી હતી ત્યાં ઘણા બધા જીનાલાયો હતા ઘણા જૈનો નો વસવાટ હતો. પણ આજે બધા જ જીનાલય ખંડેર જેવી હાલતમાં છે. એક જિનાલય જેને આપણે કહી શકીએ કે ફંકપ્શનલ હાલતમાં છે ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનનું પંચાયતી  બડા મંદિર એના દર્શન કરીશું. ૧૮૧૪ માં ખતરગચ્છ  યતીવર્ય શ્રી કુલચંદ્ર સુધી મહારાજ દ્વારા આ પ્રતિષ્ઠિત કરવામાં આવેલ તેઓની આ ગદ્દી છે એટલે યતિની જે પરંપરા હતી એ પરંપરાની છે જે યતિ  ભગવાનતો થયા યતિઓ એ બધાનું મૂળ સ્થાન એ અહીં રહ્યું હતું અને વિવિધ અલગ અલગ સમયના ૫૮

પ્રતિમાઓ અને પાંચ અલગ અલગ વેદીઓમાં સ્થાપિત છે એટલે એક માન્યતા એવી છે અહીં પહેલાથી જિનાલય હતું અને એનો આચાર્ય કુલચંદ્ર સુરિ દ્વારા કરવામાં આવ્યો હતો અને એક માન્યતા એવી છે કે નવા દેરાસરની સ્થાપના આચાર્ય કુલચંદ્ર મહારાજે કર્યો એટલે તથ્યકેવલી ગમય છે અત્યારે આ બંને માન્યતા ઉપર પ્રચલિત છે અને 14 મી 15 મી શતાબ્દીની પણ પંચધાતુની છ પ્રતિમાઓ અહીં બિરાજમાન છે,જે પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે મૂળનાયક એના ઉપર કોઈ લેખ નથી તેથી એનું સમયાંકન જાણવાનું મુશ્કેલ છે. પણ જે એનું શિલ્પ છે એના હિસાબથી લાગે છે કે કમસેકમ આ આઠમી સદીની પ્રતિમા હશે અને અહીંના જ્ઞાન ભંડારમાં દુર્લભ એવા હજારો તાડપત્રો આદિ વિધ્યમાંન છે .અહીંનું સ્થાપત્ય આપણે જોઈ શકીએ છીએ કે આપણને કોઈ હવેલી ની યાદ અપાવે એવું સરસ મજાનું સ્થાપત્ય છે. અહીં આપણે જેવા જઈએ છીએ પહેલા માળે યતિની ગાદી આવે છે અને અને ઉપર જતા જિનાલય આવે છે એટલે ઉપરના માળમાં જતાં જ પાર્શ્વનાથભગવાન ના દર્શન કરીશું. અહીં પાર્શ્વનાથ ભગવાનની અદભુત શામવરણીય પ્રતિમા ના દર્શન  કરીએ. પૂર્વજો કેવા જાહોજલાલી વાળા હતા તેનું પરમાત્મા ના વેદી સ્થાપના કરી એને વેદીને પૂરી ચાંદીથી મઢી લીધી એવી સરસ મજાની આ દેરી છે. એની સાથે અન્ય જે વેદીઓ માં જે પ્રતિમા બિરાજમાન છે બધી ખૂબ જ પ્રાચીન પ્રતિમાઓ છે. અહી ની જે ખાસ ભૂમિ ખાસ જગ્યા કહીએ એ માન્યતા છે કે આ જ ભૂમિ ઉપર પાર્શ્વ કુમારે કમઠ ને પ્રતિબોધ કર્યા હતા એની સ્મૃતિ રૂપ એવી અહીં પ્રતિમા બિરાજમાન કરવામાં આવી છે. પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે એમના નીચે પદ્માવતી દેવીનિ  એવી આ સરસ મજાની પ્રતિમા વિરાજમાન છે. ચિત્રાંકન  પણ કરવામાં આવ્યું છે કે જેની અંદર કમઠને પ્રતિબોધ આપવામાં આવી રહ્યો છે. જીનાલય  ની અંદર 96 તીર્થંકરો નો સમાવેશ કરતો.ભુત ભવિષ્ય અને વર્તમાન એવા ચાર શાશ્વતજીન  આદિ તીર્થંકર પરમાત્માની પ્રતિમા એ 96 સ્થળ ભગવાનનું એક પટ પર સ્થાપિત કરવામાં આવ્યો છે. અરસ પા ષણમાં સાથે નેમિનાથ ભગવાનની જાનની એટલી બારીક કોતરણી સાથે અતિભવ્ય દર્શાવતું પટ છે એના દર્શન અવશ્ય કરવા જોઈએ . યતી પરંપરાની જે ગાદી છે એનો જે

ઓઘો છે. યતિ આજે પરંપરા ખતમ થઈ ગઈ છે પણ હવે તેના એના કોઈ વંશજો આગળ રહ્યા નથી. એ પરંપરા ને યાદ કરનારી એમના જે છેલ્લા હતી ગુરુદેવ હતા એનો ફોટો અને અને એમનો ઓઘો સાથે સાચવીને રાખવામાં આવ્યો છે. અને જમણી બાજુમાં દાદા ગુરુદેવ તેની પ્રતિમાઓ ની પણ સ્થાપના કરવામાં આવી છે. આ ખૂબ જ પ્રાચીન દેરાસર છે એની સાથે અલગ અલગ ચાર દેરાસર છે. જે વર્ષોથી ખુલ્યા પણ નથી લોકો બીજા ગામમાં વસવાટ કરી ચૂક્યા છે અને પ્રાચીન પ્રતિમા ધૂળ ખાઈ રહી છે એવી ખૂબ જ વિષમ પરિસ્થિતિમાં રામઘાટની જીનાલયો છે ઘણા દેરાસરો એવા છે કે જેમાં સવારે પૂજારી આવી અને પ્રતિમાની પૂજા કરીને નીકળી જાય છે. જ્યારે પણ આપણે જઈએ ત્યારે એવો પ્રયાસ રાખીએ કે તેના સ્થાનિક લોકોનો પરિચય કેળવીને આ દેરાસર ખોલાવીએ એના દર્શન પૂજાનું આપણે લાભ મળે અને આવી પ્રાચીન અદભુત પ્રતિમાઓના દર્શન થઈ શકે.

હવે આપણે સૂર્યપૂરી તીર્થ તરફ જઈએ તો સિંહ પૂરી તીર્થ તરફ જઈએ છીએ. બનારસ થી બહુ નજીક છે લગભગ દસ કિલોમીટર ઉત્તર પશ્ચિમમાં સારનાથ નામની જે જગ્યા છે ત્યાં આ સ્થિત છે. અહીં શ્રેયાંશ નાથ ભગવાનના ચાર કલ્યાણ ભૂમિ ઉપર થયા છે. આ જગ્યાનું નામ સારનાથ કેવી રીતે પડ્યું એની પણ એક સરસ છે શ્રેયાંશ નાથ ભગવાનનું જ અપભ્રંશ માં સારનાથ થયું એટલે આજે એને સારનાથના રૂપે જાણવામાં આવે છે. 1905 માં અને એ પ્રાચીન સમયમાં આ નગરી કેવી દેખાતી હતી? પાછળમાં ધામખ એક સ્તૂપ છે અને આગળ દિગંબર જિનાલય છે તેને આપણે જોઈ શકીએ છીએ કે એ સમયમાં ધામેખ સ્તૂપની કેટલી જર્જરીત હાલત હતી અને ત્યાર બાદ આર્કિયોલોજી સર્વે ઓફ ઇન્ડિયા એની સાર સંભાળ લીધી અને એને પુનર્જીવિત કર્યો. તો આપણે એની વાત કરીએ તો ધામેક સ્તુપ શું છે? માન્યતા એવી છે કે ગૌતમ બુદ્ધને જ્યારે બૌદ્ધત્વ પ્રાપ્ત થયું એમને જ્ઞાન ઉત્પન થયું . બોધી ગયા બાદ તેમણે જે પ્રથમ દેશના આપી એ આજ ભૂમિ ઉપર આપી હતી ત્યારે સમ્રાટ અશોક કે આ ઘટનાના સ્થાને ધામેખ સતુપ નું નિર્માણ કર્યું આ 90 ફૂટ ઊંચો સ્તૂપ છે 300 ft નું ઘેરાવો

છે. આ ખૂબ વિશાળ સ્તૂપ છે પણ આ બૌદ્ધ માન્યતાની વાત  હતી. ઇતિહાસ કારની માન્યતા અને હવે જૈન  માન્યતા  સામે જઈએ તો આ શું પાશ્વનાથ ના ચારે ચાર કલ્યાણક નિમિત્તે સંપતિ રાજા દ્વારા આ સ્તુપ ની રચના કરવામાં આવી હતી એટલે ખાસ એને કેવળ જ્ઞાનની ભૂમિ માનવામાં આવે છે કે અહીં શ્રેયાંશ નાથ ભગવાનને કેવળ જ્ઞાન આદિક ચાર કલ્યાણ થયા હતા. તેને અનુસાર અહીં સ્થાપના કરવામાં આવી છે તો આચાર્ય જીન પ્રભ સુરેશ્વરજી મહારાજા વિવિધ તીર્થ કલ્પના તેઓ ઉલ્લેખ કરે છે કે ધર્મેક્ષાસન્નિવેશ નામથી. એમાં ગગનચુંબી શિખર માળા બોધિ સત્વનું ઉપાયતન હતું એટલે ધર્મેક્ષાસન્નિવેશ કહેવામાં આવ્યું હશે એવી માન્યતા આપણે કહી શકીએ. અહીં ખોદકામ થી જે લેખ પ્રાપ્ત થયો છે એમાં  શ્રી ધર્મચક્રજીનો  એવો શબ્દ પ્રાપ્ત થાય છે એન એક અનુમાન લગાડી શકીએ છીએ કે આ જૈન ધર્મથી લાગતો સ્તૂપ છે નહીં કે બૌદ્ધ ધર્મ અને કનોજ ના રાજા ગોવિંદ ચંદ્ર ની પત્ની એ રાણી કુમાર દેવી એ પણ 11મી સદીમાં ધર્મચક્રજિન  વિહાર નામની નામના જીના જીનાલય નો ઉદ્ધાર કર્યો હતો એનો શબ્દ એનો 12 મી સદીમાં શાહબુદ્દીન ઘોરીની સેનાએ નષ્ટ કર્યો હતો એનો આપણને ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.અહીંના પુરાતત્વોની વાત કરીએ તો સારનાથના મ્યુઝિયમ માં અવશેષો પ્રાપ્ત થયા છે જેને આપણે અહીં દર્શન કરી શકીએ છીએ જમણી તરફની આજે પ્રતિમા છે એમાં દર્શન થાય છે પ્રભુના માતા-પિતાના દર્શન થાય છે એ વિદેશમાં છે ઇન્ડિયામાં નથી એટલે આવી પ્રાચીન વસ્તુ આપણા દેશની બહાર પણ જતી રહી છે એ ખૂબ અફસોસ ની વાત છે.

સિંહ પૂરી તીર્થની અંદર જે શ્વેતાંબર જીનાલય છે એ હીરામન પુરા ગામમાં છે. સારનાથ નું એક ઉપનગર છે. સારનાથથી લગભગ બે અઢી કિલોમીટર દૂર છે અને મૂળનાયક શ્રેયાસનાથ પ્રભુની આચાર્ય જીન મહેન્દ્ર સુરીજી દ્વારા પ્રતિષ્ઠિત કરવામાં આવી છે જેમણે રામઘાટના જીનાલય નું ઉધાર કર્યો,જેમણે ભદેની ઘટનો જીર્ણોદ્ધાર  કર્યો. એ જ ખર તરગચ્છ ના આચાર્ય યતીવર્ય કુલચંદ્ર સૂરીશ્વરજી મહારાજે આ જીર્ણોદ્ધાર કર્યો અને માન્યતા મુજબ અહીં સંપતિ કાલીન પ્રતિમાઓ છે પણ એ એક્ચ્યુલી સમપ્રતિકાલી નથી પણ પાછળથી પાછળના સમયની

પ્રતિમાઓ છે અને 1801 માં ઉપાધ્યાય  ધર્મ ગણી વિજયજી દ્વારા અહીં પ્રભુની પાદુકા ની સ્થાપના કરવામાં આવી અને હાલમાં જ અહીં એક પથ્થર નું બનાવેલું સમોસરણ તેને ઉતારીને અહીં આચાર્ય કિર્તીય સુરીશ્વરજી મહારાજ દ્વારા નવા સમોસરણ જે આરસપહાણ ભવ્ય કોતરણીયુક્ત એવા સમોસણની રચના કરવામાં આવી છે. અને જિનાલયના ચાર ખૂણા બનાવવામાં આવ્યા છે એ અહીં આપણે જોઈ શકીએ છીએ કે એમાં છત્રી રૂપે બિરાજમાન કરવામાં આવી છે. તો અહીં શ્રેયાંશ પ્રભુને આપણે દર્શન કરીએ. આ પ્રતિમાની ખાસિયત આપણે જોઈએ તો પરમાત્માની પ્રતિમા છે અને નીચે નવ ગ્રહો ના મોઢા બનાવવામાં આવ્યા છે. આ નવ ગ્રહો પણ પ્રભુની નીચે રહે છે. આપણે પરીકર ધ્યાનથી જોઈએ તો નવ ગ્રહો બનેલા હોય. આપણે આ નવ ગ્રહોની સામે ઝૂકવાનું નથી આ તો બધા સાક્ષાત પરમાત્માની નીચે બિરાજમાન છે. અહીં સાથે સાથે અનેક પ્રાચીન પ્રતિમાઓ બિરાજમાન છે જેને આપણે દર્શન કરીશું. ચાર ડેરીઓ છે એની અંદર ચરણ પાદુકાઓ બિરાજમાન છે જન્મ કલ્યાણક ડેરી ની અંદર ચરણ પાદુકા છે સાથે સાથે મેરુ પર્વતની રચના છે એને આપણે દર્શન કરી શકીએ છીએ . દીક્ષા અને કેવળ જ્ઞાન કલ્યાણક એ બધાને આપણે દર્શન કરીએ. અહીં એક બહુ સરસ ચવન કલ્યાણ પટ્ટ બનાવવામાં આવ્યો છે ડાબી તરફ જોઈ શકીએ છીએ કે માતા શયન કરી રહ્યા છે અને એમને ૧૪ સ્વપન આવી રહ્યા છે એનું રૂપાંતરણ અહીં કરવામાં. આવ્યું છે.પાછળ અશોક વૃક્ષ છે પરમાત્માની દીક્ષા લઈ રહ્યા છે

કેશ લોચ કરી રહ્યા છે એનું પણ અહીં સરસ વિવરણ કરવામાં આવ્યું છે. આ બધા 18મી 19 મી સદીના પટ્ટો છે એટલે બહુ જ પ્રાચીન છે. સાથે સાથે આચાર્યશ્રી કુલચંદ્ર સૂરીશ્વરજી મહારાજ આ જેમણે પ્રતિષ્ઠા કરી છે એમની પણ પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે. અલગ અલગ ગુરુ ભગવનતો ના ચરણ પાદુકાઓ પણ સ્થાપિત છે એને આપણે દર્શન કરીએ.

ત્યાંથી આપણે દિગંબર તીર્થ તરફ જઈએ તો સામે આપણે વાત કરી ધમેખ સ્તૂપ થી માત્ર 50 મીટર દૂર છે આ જિનાલય સ્થિત છે. ફોટામાં આપણે જોઈએ કે બંને એક જ પરિસરમાં છે

અને 1824 માં 24 માં ભટ્ટારક લલિત કીર્તિજી એ  અહીં પ્રતિષ્ઠા કરી હતી. મૂળનાયક શ્રેયાસ નાથ ભગવાનની શ્યામવરણીય ની પ્રતિમા ની સ્થાપના કરી હતી અને એવી માન્યતા છે કે અલગ અલગ સમયમાં આપણે પરમાત્માને જોઈએ તો પરમાત્મા ના અલગ અલગ સ્વરૂપ દેખાય છે એવી આ પ્રતિમા છે. અહીં આપણે તેના દર્શન કરી શકીએ છીએ જમણી તરફ જોઈએ તો દેરાસરનું સ્થાપત્ય કેવું છે. આમ જોઈએ તો બહુ સામાન્ય છે પણ એની ઉપરમાં અલગ અલગ કલ્યાણકો તીર્થોના પટ્ટો બનાવવામાં આવ્યા છે

આપણે ચંદ્રપુરી તીર્થ તરફ જઈએ ચંદ્રપ્રભ સ્વામીના ચાર કલ્યાણકો ની ભૂમિ છે. આવા સરસ મજાના નદી કિનારે આ નદી કિનારાના 60 ફોટો ઉપર ૬૦ ફૂટ દિવાલ છે એની ઉપર આ જીનાલય છે. આ વારાણસી થી ૨૩ કિલોમીટર દૂર છે, ચંદ્રપુરી નામના ગામમાં સ્થિત છે સ્થાનિક લોકો અને ચંદ્રાવતી કે ચંદ્રોલી નામે ઓળખે છે. ગંગા નદીના કિનારે સ્થિત છે. સ્થાપત્યની દ્રષ્ટિએ જોઈએ તો આમાં બહુ કંઈ ખાસ નથી પણ પ્રાચીન પુરાતત્વ ની દ્રષ્ટિએ ખૂબ જ મહત્વ છે. આ  નાના ગામમાં બંને મંદિરો છે શ્વેતાંબર અને દિગંબર બંને બાજુ બાજુમાં સ્થિત છે અને એક ખૂબ જ પ્રાચીન કિલ્લો જે જગામાં હતો. એમ જ શ્વેતાંબર મંદિર બિરાજમાન છે .એક સમયમાં શ્વેતાંબરીય એ ચરણ પાદુકાઓ દાદાવાડી ડેરીઓ હતી પણ એ ગંગામાં સમાઈ ગઈ પૂર આવવાથી. આરકેલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા દ્વારા રિમેંન ઓફ મેસેજવસ બ્રેકવોલન ફોર્ટ નામની એક બાંધકામ કે આટલી જગ્યા છે, એની એક સમયમાં એક પ્રાચીન રાજાનો કિલ્લો હતો. એટલે આ ભૂમિ આજે પ્રોટેક્ટેડ છે એ  એસ આઈ દ્વારા આજે આપણે કંઈ કામ કરવું હોય તો એએસઆઇ ની પરમિશન વગર કરી ના શકીએ. શ્વેતાંબરતીર્થ તરફ આગળ જઈએ તો ગઢવાલ શાસક ચંદ્રદેવ દ્વારા બારમી સદીમાં આ જગ્યાનું  દાન દેવામાં આવ્યું હતું. ત્યારથી આ જગ્યાનું નામ પડ્યું હતું ચંદ્રમાધવ મંદિર ત્યારબાદ અનેક અનેક જીર્ણોદ્ધાર થયા આધીરાસરમાં અને વર્તમાન મૂળના એક ચંદ્રપ્રભ સ્વામી ની પ્રતિમા યતીવર્ય શ્રી કુલચંદ્ર સુરિ દ્વારા 1835 માં પ્રતિષ્ઠા કરવામાં આવી. આસ્થાપત્યની દ્રષ્ટિએ ખૂબ સામાન્ય છે. એક શિખરને આપણે બાદ કરી દઈએ તો તો લાગે જ નહીં કે આ દેરાસર છે. બાકી એક કલાકારી યુક્ત છે બાકી સ્થાપત્ય ચાર દીવાલો છે અને આની સામે જ ગંગા નદીનું કિનારો

છે. અહીં ભવ્યાતિભવ્ય ચંદ્રપ્રભ ભગવાનના દર્શન થાય છે. સામે એમની ચરણ પાદુકાઓ પણ બિરાજમાન છે. મુઘલકાલીન આર્ટ જેને કહેવાય એવી એક રચના કરવામાં આવી છે. થાંભલાઓ એકદમ પ્લેન છે કોઈ કોતરણી નથી અને પ્લેન ચાર દીવાલોની વચ્ચે એક ઘૂમતી ની અંદર ભગવાન બીરાજમાન છે. અહીં જીર્નોદ્ધારના ઘણા બધા પ્રયાસો ચાલી રહ્યા છે એટલે આરકીઓલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા ની અંડરમાં છે આ જગ્યા એટલે એમની પરમિશન લીધા વગર કંઈ થઈ શકે એમ નથી. આ જે જગ્યા છે એ બહુ સેનસેટિવ છે. નદીનો ઘાટ છે જમીન છે એ પણ કાચી છે એટલે ત્યાં કોઈ બાંધકામ કરવું હોય તો પણ બહુ વિચાર કરવો પડે. હવે દિગંબર દેરાસર ની વાત કરીએ તો આ 1913 માં પ્રતિષ્છિત દેરાસર છે. ચંદ્રપ્રભ ભગવાનની પ્રાચીન પ્રતિમા છે તેના દર્શન કરીએ સાથે સાથે નવા તીર્થંકર પરમાત્માની પણ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે અને સમય જતા અહીં પણ જીર્ણોદ્ધાર કરવામાં આવશે.

**********************************************************************

JAIN SAHITYA ACADEMY TRUST